
# ક્ષમાવણી

૦૮ સપ્ટેમ્બર,૨૦૨૫, સોમવાર



**શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, વિલેપાર્લે(પ), મુંબઈ**

@ParlaJinmandir www.parlajinmandir.org +91 9619504576

# અનુક્રમણિકા


| ક્ર. | ભક્તિનું નામ | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|
| ૧ | સીમંધર ભગવાન | ૩ |
| ૨ | શાંતિનાથ અને મહાવીર ભગવાન | ૪ |
| ૩ | ભાવી જિનવર શ્રી સૂર્યકીર્તિ ભગવાન | ૫ |
| ૪ | બાહુબલી મુનીન્દ્ર | ૬ |
| ૫ | જિનવાણી માતા | ૭ |
| ૬ | કુંદકુંદાચાર્ય મહારાજ | ૮ |
| ૭ | કહાન ગુરુદેવ | ૯-૧૦ |
| ૮ | બહેનશ્રી ચંપાબેન | ૧૧ |
| ૯ | જ્ઞાની ધર્માત્મા | ૧૨ |
| ૧૦ | ક્ષમાપના | ૧૩ |



## અદ્દભુત સીમંધરનાથ !.....

(રાગ : તમે તો ભલે બિરાજોજી)

અહોહો! આનંદ ઊછળે અપાર...(૨)
અમ આંગણિયે સીમંધર જિનજી, બિરાજે છે સાક્ષાત્... અહોહો !...

વિદેહી જીવો ભરતે લાવ્યાં, વ્હાલા વિદેહી નાથ;
ભક્તોના હૈયા હર્ષથી નાચે, વધાવું છું જિનરાજ... અહોહો ! ...(૧)

તુજ વિરહે સેવક ઝૂરતાં, ક્યારે નિહાળું તારણહાર;
પાવન પગલે પ્રભુજી પધાર્યાં, ધન્ય થયું આ ધામ... અહોહો ! ...(૨)

વીતરાગ મુદ્રા નજરે પડતાં, આવે જ્ઞાયક યાદ;
અંતર મુખ દ્રષ્ટિ કરીને, પામીએ મોક્ષ રાહ... અહોહો ! ...(૩)

દર્શન-અભિષેક-પૂજન કરતાં, ભૂલાય છે સંસાર;
ભાવના ભરી ભક્તિ જાગે, થાય અનુભવ આજ... અહોહો ! ...(૪)

કલ્પવૃક્ષ કામધેનુ મળીયા, આવ્યો ચિંતામણિ હાથ;
હવે પ્રમાદ શાનો કરીએ ? થઈએ ભવથી પાર... અહોહો ! ...(૫)

કહાનગુરુનાં પરમ પ્રતાપે, ભેટ્યા છે ભગવાન;
ભગવતી માતનાં મંગલ આશિષ, મળ્યા જીવંત નાથ;
જીવનમાં કદી ન ભૂલાય, કર્યાં છે અનંત ઉપકાર... અહોહો ! ...(૬)

અમ મંદિરે નિત્ય બિરાજો, છે ભવ્યોની અરદાસ;
તુજ ચરણ-શરણ ગ્રહીને, પામું પદ નિર્વાણ... અહોહો ! ...(૭)

# શાંતિનાથ અને મહાવીર ભગવાન



વંદન કરું જિનરાજ ભાવથી હું, વંદન કરું જિનરાજ. વંદન૦ (ટેક)

શ્રી વીતરાગદેવ મહાવીરજિનજી; (૨)
શ્રી વીતરાગદેવ શાંતિ પ્રભુજી;
નિરખતાં હર્ષ અપાર; ભાવથી હું વંદન૦ ૧

આતમ-બળથી મોહના વિજયી (૨)
જ્ઞાનાદિ ગુણના ભંડાર; ભાવથી હું વંદન૦ ૨

ચંપક-માળ સમ આનંદકારી (૨)
સર્વ પ્રાણી સુખકાર; ભાવથી હું વંદન૦ ૩

જીવન છે અદભુત તમારું (૨)
ભાવ અમર કરનાર; ભાવથી હું વંદન૦ ૪

નાયક શાસન તીર્થ-સ્થાપક (૨)
થયા ભવિ તારણહાર; ભાવથી હું વંદન૦ ૫



## શ્રી સૂર્યકીર્તિ ભગવાન–સ્તવન

ધાતકી ખંડના વાસી વિભુને વંદુ વારંવાર....(૨)
ભાવેથી ભેટીને વિભુને વંદુ વારંવાર....(૨)

મનહર મૂરતિ નાથ તમારી,
નીરખતાં આનંદ અપારી,
શિવસુખની દાતાર...વિભુને...

મૂર્તિ તમારી અમીરસ વર્ષે,
ચંદ ચકોર જેમ મુજ મન હર્ષે,
પેખી ગુણ ભંડાર...વિભુને...

સુખકર છે પ્રભુ પાય તુમારા,
રાતદિન સેવું સુખકારા,
આતમને હિતકાર...વિભુને...

આત્માનંદ સમ સુખ દેનારા,
અમૃતપદ આપો મુજ પ્યારા,
ભક્તિ માગે આ વાર...વિભુને...

# બાહુબલી મુનીન્દ્ર



(तर्ज-रोम-रोम पुलकित....)

बाहुवली के दर्शन पाय, आनन्द मेरे उर न समाय।
अक्षय निज प्रभुता दरशाय, आनन्द मेरे उर न समाय।। टेक ।।
कामदेव पदवी के धारक, धन्य प्रभो दुष्काम निवारक ।
निजानन्द निज में विलसाय, आनन्द मेरे उर न समाय ।। 1 ।।
तुमने जगत असार विचारा, सारभूत शुद्धात्म चितारा।
पद निर्ग्रन्थ लिया अपनाय, आनन्द मेरे उर न समाय ।। 2 ।।
लिपट गई थी तन से बेलें, नाग बनाकर वामी खेलें।
निश्चल आतम ध्यान लगाय, आनन्द मेरे उर न समाय ।।3।।
चक्री ने आ शीश नवाया, कर्म कलंक सभी विनशाया।
अनन्त चतुष्टय प्रभु प्रगटाय, आनन्द मेरे उर न समाय ।। 4 ।।
ऋषभदेव से पहले स्वामी, आप हुए सिद्धालयगामी।
भक्तिभाव से शीश नवाय, आनन्द मेरे उर न समाय ।।5।।
ऐसा ही बल पाऊँ जिनवर, साधू शुद्ध रत्नत्रय सत्वर ।
प्रभु साक्षी में निजपद पाय, आनन्द मेरे उर न समाय ।।6।

# જિનવાણી




સુણો સીમંધરજિનની વાણ, એ ભવોદધિ-તારણહાર,
સુણો કુંદકુંદદેવની વાણ, એ આતમ-તારણહાર,
સુણો કહાનગુરુની વાણ, ચૈતન્ય ઝળકાવણહાર. ૧.

જ્ઞાન વિકસાવનારી વાણી અહો, જડ-ચૈતન્ય ભેદાવનાર વાણી અહો!
તારાં ભાવે પૂજન કરું આજ, જય જિનવાણી અહો!
તારાં ભાવે પૂજન કરું આજ, જય ગુરુવાણી અહો! ૨.

ત્રણ લોકમાં ઉદ્યોત કરનારી અહો, મહા મંગળ મહોત્સવ દેનારી અહો!
તારાં લાલન-પાલન કરું આજ, જય જિન (ગુરુ) વાણી અહો! ૩.


જ્યાં રત્નત્રય-તોરણ ઝૂલે અહો, એવા મુક્તિમંડપ રચનારી અહો!
અનંત આનંદરસ દેનાર, જય જિન (ગુરુ) વાણી અહો! ૪.

ગુરુજ્ઞાનગુંજારવ કાને આવે, આ ચૈતન્યમાં રણકાર જાગી ઊઠે;
મારું હૈયું આનંદે ઊભરાય, જય ગુરુવાણી અહો! ૫.

ગુરુ પર્યાયે પર્યાયે જ્ઞાનદીવડા જાગ્યા, જાણે ગગનેથી ભાનુ આવી મળ્યા;
એવા તેજ-અંબાર છલકાય, જય ગુરુવાણી અહો!
શ્રુતસાગર ઊછળ્યા મહાન, જય ગુરવાણી અહો! ૬.

ધન્ય ધન્ય સીમંધરનંદન અહો, ધન્ય ધન્ય કુંદકેડાયત અહો!
તારાં ચરણોમાં રહીએ સદાય, જય ગુરુવાણી અહો!
સુણો સીમંધરજિનની વાણ, એ ભવોદધિ-તારણહાર. ૭

# કુંદકુંદ આચાર્ય



( રાગ : અધ્યાત્મ સમસાર કહો કૌન સુનાતે )

ભગવાન કુંદકુંદ જો મારગ ન દિખાતે,
શુદ્ધાત્મા સુધાસાર કહો કૌન પિલાયે,
દર્શન થે વિદેહોં મેં કિયે જા સીમંધરકે,
ફિર લૌટ કે આયે યહાં ઉપદેશકો લેકે,
જિનવાણી હમેં આજ ન જો આપ સુનાતે...શુદ્ધાત્મ.
શ્રીમાન ને નાટક હૈ સમયસાર બનાયા,
અરૂ સુરિ સુધાચંદને હૈ કલશ ચઢાયા.
જયચંદ સે વિદ્વાન જો ટીકા ન રચાતે...શુદ્ધાત્મ.
પ્રવચન વ નિયમસાર સે હૈ ગ્રંથ બનાયે,
પંચાસ્તિકાય અષ્ટ-પાહુડ ગ્રંથ રચાયે,
નિજપર કા ભેદજ્ઞાન હમેં જો ન સિખાતે...શુદ્ધાત્મ.
યે જીવ હૈ વ્યવહારસે બહુરૂપ કહાતા,
હૈ નિયત નયે એક સદા દૃષ્ટા જ્ઞાતા,
નયપક્ષ હમેં આ કે ન જો આપ સુઝાતે...શુદ્ધાત્મ.
આચાર્ય કુંદકુંદ હમારે ગુરૂ જ્ઞાની,
ગુરૂ કહાનને પ્રભુ કુંદકી મહિમા, હૈ બખાની,
કુંદામૃત કહાન જો ભારતમેં ન આતે,
શુદ્ધાત્મ સુધાસાર કહો કૌન પિલાતે...શુદ્ધાત્મ.



## ગુરુદેવ પ્રત્યે ક્ષમાપના-સ્તુતિ

[ઉત્તમ ક્ષમાવાણી—પર્વ : ભાદરવા વદ ૧]

ગુરુદેવ! તારાં ચરણમાં ફરી ફરી કરું હું વંદના,
સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં. ૧.

કરીને કૃપાદૃષ્ટિ, પ્રભુ! નિત રાખજો તુમ ચરણમાં,
રે! ધન્ય છે એ જીવન જે વીતે શીતળ તુજ છાંયમાં. ૨.

ગુરુદેવ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના. ૩.

મન-વચન-કાય થકી થયા જાણ્યે-અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને. ૪.

તારી ચરણસેવા થકી સૌ દોષ સહેજે જાય છે,
ક્રોધાદિ ભાવ દૂરે થઈ ભાવો ક્ષમાદિક થાય છે. ૫.

ગુરુવર! નમું હું આપને, અમ જીવનના આધારને,
વૈરાગ્યપૂરિત જ્ઞાન-અમૃત સીંચનારા મેઘને. ૬.

મિથ્યાત્વભાવે મૂઢ થઈ નિજતત્ત્વ નહિ જાણ્યું અરે!
આપી ક્ષમા એ દોષની આ પરિભ્રમણ ટાળો હવે. ૭.

સમ્યક્ત્વ-આદિક ધર્મ પામું, તુંજ ચરણ-આશ્રય વડે;
જય જય થજો પ્રભુ! આપનો, સૌ ભક્ત શાસનના ચહે. ૮.



## (૮૪) સ્વરુપસાધક સંતનો ભેટો....

એક સત્ પુરુષ આવી મળ્યા, સત્ય સ્વરૂપ સમજાવી ગયા ....
એક સત્ પુરુષ આવી મળ્યા, સાર સમયનો બતાવી ગયા ....

કરુણા ભીનાં હૃદયે આવ્યા, સીમંધર વાણી લાવ્યા;
જ્ઞાનદાન ભક્તોને આપ્યા, ભવસાગરથી પાર ઉતાર્યાં ....એક સત્ પુરુષ...(૧)

વિદેહ દેશના પાત્ર યુવરાજ, ભરતના કહાન ગુરુરાજ;
અલ્પ ભવમાં ભગવાન થવાના, અહો સદ્ભાગ્ય અમારા ....એક સત્ પુરુષ...(૨)

જિનવાણીના રહસ્ય ખોલ્યા, વીતરાગતા સાર કહી ગયા;
કુંદકુંદના છો સાચા નંદન, કરીએ આજે તુજને વંદન ....એક સત્ પુરુષ...(૩)

ઉમરાળામાં જન્મ લીધો, પાલેજમાં વ્યાપાર કીધો;
સંસાર અસાર લાગ્યો, વૈરાગ્યને ધારણ કર્યો ....એક સત્ પુરુષ...(૪)

સત્‌ની તીવ્ર ઝંખના હતી, સત્‌ની શોધ શરૂ કરી;
જીવનમાં સત્ પ્રાપ્ત થયું, સમયસાર હાથ આવ્યું ....એક સત્ પુરુષ...(૫)

સંપ્રદાય છોડ્યો ધર્મ ધાર્યો, સુવર્ણપુરીમાં વસવાટ કર્યો;
દિવ્યધ્વનિના વિરહા ભૂલાવ્યા, ડૂબતા જીવોને તમે ઉગાર્યાં ....એક સત્ પુરુષ...(૬)

શું ગુરુવર ચરણે ધરું ? આત્મસ્વરૂપ બતાવી દીધું;
ઉપકારો ભૂલાય નહિ, ભૂલવાનો કદી અવકાશ નથી ....એક સત્ પુરુષ...(૭)

ઉપકાર તારા કેમ કથું ? શબ્દોમાં શું વર્ણન કરું ?
અંતર હૃદયમાં તુજને સ્થાપી, વંદન કરું અહો ! ઉપકારી ....એક સત્ પુરુષ...(૮)



## ભગવતી માતા—ભક્તિ

જ્ઞાન તારું દિવ્ય હો માતા, અવતાર તારો ધન્ય વળી,
શુદ્ધ ચિદાનંદ, ચેતન ઘનને, નજરો નજર નિહાળે રે....

શિશુએથી વૈરાગી બની છે, મંથન પારાવાર કર્યું...(૨)
માતા નિશદિન તે તો એક જ, આતમનું છે ધ્યાન ધર્યું...(૨)
દ્રવ્ય ઉપર તે દૃષ્ટિ કરી, ત્યાં સ્વાનુભૂતિ તને આવી મળી,
શાંત સૌમ્ય મુદ્રા ઉપર, આતમજ્યોતિ ઝળકતી રહી...
જ્ઞાન તારું છે.....

મંગલમય તું જગમાં ઉત્તમ, પાવન તું તો પૂરણ છે...(૨)
જગની કોઈ વાત સુણીના, માતા તું તો નિસ્પૃહ છે...(૨)
સ્વરૂપમાં તું લીન બની છે, અંતરમાં તું પૂર્ણ ઉતરી,
બહાર છું કે ભીતરમાં છું, તને રહે ના ધ્યાન જરી....
જ્ઞાન તારું છે....

વિદેહથી તું સીમંધરની, વાત લઈને આવી અહીં....(૨)
મીઠી વાણી તારી માતા, અમીરસથી છે પૂર્ણ ભરી....(૨)
ધર્મરત્ન ઓ માતા તું તો, આરાધનાની દેવી છે,
જગતવંદ્ય તું જગદંબા છે, ચરણે ચરણે તીરથ બને...
જ્ઞાન તારું છે...






# ‘જ્ઞાનીના લક્ષણ’

## (રાગ - સાત સમંદર વચમાં બેટ...)

મધ દરિયે ઊભા દેખાય તોયે જળનો સ્પર્શ ન થાય,
એવી સ્થિતિ પ્રગટ થાય એને સતજ્ઞાની કહેવાય.

રાગ આગ લગે નાગસમ કષાય ભાગ નવ દેખાય,
અભેદ જેણે ગ્રહણ કર્યા એને સત જ્ઞાની કહેવાય.

સ્વાધ્યાય જમણ જ્યાં જમાય, વિકલ્પદેશ દુર થઈ જાય
ઉદાસ સહજ જગતમાં દેખાય, એને સતજ્ઞાની કહેવાય.

આનંદ સરોવરે સ્નાન થાય, રાગ મેલ દૂર દૂર થઈ જાય;
મસ્તીએ આગળ વધતા જાય, એને સતજ્ઞાની કહેવાય.

અશુભની તો વાત જ નહીં. શુભની ખટક રહેતી જાય;
પર્યાયે પણ ન રોકાય એને સતજ્ઞાની કહેવાય.

ધ્રુવ ધારાનાં ધોધ વહાય દશા અંદર ઝુકતી જાય;
‘કમલ’ સંસાર દૂર થઈ જાય એને સતજ્ઞાની કહેવાય.

## (૧૪૩) ક્ષમાપના....

ક્ષમા કરજો, ક્ષમા કરજો, ક્ષમા કરજો રે;
અપરાધ કંઈ પણ જે થયા, ક્ષમા કરજો રે...

વીતરાગી દેવનું શરણ ને, જિનવાણીનું શ્રવણ;
મુનિરાજનું હો સ્મરણ, તો કેમ થાય ભવભ્રમણ... ક્ષમા કરજો... (૧)

આતમજ્ઞાન દાતા ગુરુવર, અમારા કહાન;
સમયસાર સમજાવી, ઉતાર્યાં ભવથી પાર... ક્ષમા કરજો... (૨)

અનુપમ ભાગ્યે મળ્યા, આ કાળે ભગવતી માત;
વૈરાગ્ય ગુણ ગંભીરા, ક્ષમા તણા ભંડાર... ક્ષમા કરજો... (૩)

સ્વરૂપ સાધક ધર્માત્મા, કદી ન જીવનમાં ભૂલાય;
નિશ્રા સદાય અમને હો, એ માગુ તુજ પાસ... ક્ષમા કરજો... (૪)

આતમ આરાધના ને, સ્વભાવની સાધના;
ઉલ્લસિત ભાવે કરીને, પહોંચીએ મોક્ષ દ્વાર... ક્ષમા કરજો... (૫)

શ્રદ્ધામાં હો દ્રઢતા ને, જ્ઞાનમાં હો વિવેક;
ચારિત્રમાં સ્થિરતા લાવીને, રચીએ નિર્મળ ભાવ... ક્ષમા કરજો... (૬)

સાધર્મી સહુ આત્માર્થી, ધરજો ક્ષમા ભાવ;
જાણ્યે-અજાણ્યે દોષની, દેજો ક્ષમા આજ... ક્ષમા કરજો... (૭)

# ઉત્તમ ક્ષમા